Friday
25.09.2026
*Volume :11 * Issue No.83
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં GSFCના સાત નવા ઈનોવેટીવ ઉત્પાદનોનું લોંચીંગ કર્યુ

## પાક સંરક્ષણના સાત શક્તિશાળી નિવારણ વિકસિત કૃષિથી વિકસિત ગુજરાતનું પ્રતિબિંબ છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ





## GSFC ના નવા જંતુનાશક ઉત્પાદનો ખેડૂતોના પાકના રક્ષણ અને તેમની મહેનતને સાર્થક કરવા માટે સીમાચિહ્નરૂપ સાબિત થશેઃ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી





## કૃષિ મંત્રીશ્રી – ઉર્જા મંત્રીશ્રી – રાજ્યમંત્રીશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના સાહસ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ લિમિટેડના ઈનોવેટીવ ઉત્પાદનોનું ગાંધીનગર ખાતેથી લોન્ચિંગ કર્યુ હતું.

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, રાજયમંત્રી શ્રી કૌશિક વેકરિયા તેમજ કૃષિ રાજ્યમંત્રી શ્રી રમેશ કટારા આ અવસરે ઉપસ્થિત રહ્યાં હતા. પાક સંરક્ષણના આ સાત શક્તિશાળી નિવારણ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિકસિત કૃષિથી વિકસિત ગુજરાતનુંપ્રતિબિંબ છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ટેક્નોલોજી આધારિત, કાર્યક્ષમ અને સસ્ટેનેબલ એગ્રીકલ્ચરની દિશામાં GSFC ની ભૂમિકાની સરાહના કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનની સેવા સાધનાના ૨૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી રાજયવ્યાપી સેવા સંકલ્પ અભિયાનથી થઈ રહી છે ત્યારે GSFCની આ પહેલોના લોંચીંગને મુખ્યમંત્રીશ્રીએ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત કૃષિ અને ગ્રામીણ અર્થતંત્રને વધુ સમૃદ્ધ બનાવનારી ગણાવી હતી. તેમણેકહ્યુ કે, વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં ગરીબ, અન્નદાતા, યુવા અને નારીશક્તિનેમુખ્ય પિલ્લર કહ્યાં છે. આ ચાર પિલ્લરમાં મહત્વપૂર્ણએવા અન્નદાતા ખેડૂતના ઉત્પાદનોને ક્વોલિટી, વેલ્યુ એડીશન, પ્રોસેસિંગ અને વર્લ્ડ માર્કેટ સુધીની પહોંચ આપવા GSFCની આ સાત પહેલો ઉપયુક્ત બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ GSFCની 'સરદાર' બ્રાન્ડ નેમથી પ્રખ્યાત થયેલી પ્રોડક્ટ્સની શ્રૃંખલામાં આ નવી સાત પહેલો પાકને જરૂરી સંરક્ષણ પુરુંપાડવામાં ખેડૂતોનેશ્રેષ્ઠ વિકલ્પ પૂરો પાડશે એમ પણ ઉમેર્યુ હતું. તેમણે જણાવ્યું કે, ગુણવત્તા સભર પાક સંરક્ષણ ઉકેલો ખેડૂતો સુધી સમયસર, સરળતાથી અને વિશ્વસનીય રીતે પહોંચે તે માટે GSFC કૃષિ ઉત્પાદનોની વ્યાપક શ્રેણીમાં સંતુલિત પોષણ, બાયો ફર્ટીલાઈઝર અને અન્ય કૃષિ ઈનપુટ્સ પર કામ કરે છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ઈનોવેશનથી સમૃદ્ધિ, ટેક્નોલોજીથી ઉત્પાદક્તા અને પાક સંરક્ષણથી ખેડૂતોની આવક વૃદ્ધિના સંકલિત અભિગમથી સમૃદ્ધ ખેતીથી રાષ્ટ્રના વિકાસની યાત્રા સતત આગળ વધારવાની નેમ વ્યક્ત કરી હતી. GSFCના વૈજ્ઞાનિકો તથા સંશોધકોની ટિમને આ નવી પહેલોના લોંચીંગ માટે મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૬૨થી શરૂ થયેલી GSFCની વિકાસયાત્રામાં આ નવા ઉત્પાદનો ખેડૂતોના પાક રક્ષણ અને તેમની મહેનતને સાર્થક કરવા માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે. ખેડૂતોના પાકને જીવાતો અને નિંદણ સામે સુરક્ષિત રાખવા માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંશોધન બાદ આ બ્રાન્ડ્સ બજારમાં મૂકવામાં આવી છે.

જેમાં સરદાર આધાર, સરદાર જીગોર્ડ, સરદાર તોફાની જેવી ૭ દવાઓનો સમાવેશ થાય છે. કૃષિ મંત્રીશ્રીએ કહ્યું હતુ કે, આ તમામ દવાઓ ખેડૂતોને વ્યાજબી ભાવે ઉપલબ્ધ થાય અને પાક તેમજ જમીનની ગુણવત્તા જળવાઈ રહે તે માટે વિશેષ કાળજી લેવામાં આવી છે. સંશોધન અને ટેકનોલોજી ક્ષેત્રે જીએસએફસી હંમેશાં મોખરે રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના ખેડૂતોનેસમયાંતરે શ્રેષ્ઠ ટેકનોલોજી અનેઉત્પાદનો પૂરા પાડવામાં આવી રહ્યા છે. આ કીટનાશકો માત્ર થોડા દિવસો સુધી જ જીવાતો સામે રક્ષણ આપે છે અને ત્યારબાદ જમીનને નુકસાન ન પહોંચે તે પ્રમાણે જમીનમાં ભળી જાય છે તેવી આધુનિક પદ્ધતિ વિકસાવવામાં આવી છે.

જરૂર હોય ત્યાં જ પ્રમાણસર રાસાયણિક દવાઓનો ઉપયોગ કરવા કૃષિમંત્રીશ્રીએ ખેડૂત મિત્રોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને અન્ય મહાનુભાવોના હસ્તે કૃષિ વૈજ્ઞાનિકોના સંશોધનો પર આધારિત તથા ખેડૂતોને પાક અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડતી એક વિશેષ કૃષિ મેગેઝિન 'કૃષિજીવન'નું અનાવરણ કરવામાં આવ્યું હતું. રાજયના મુખ્ય સચિવ અને GSFC ના ચેરમેનશ્રી એમ. કે. દાસ, મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાજેન્દ્ર કુમાર અને ડિરેક્ટર શ્રી અશ્વિની કુમાર સહિત સંસ્થાના ઉચ્ચ અધિકારીઓ તેમજ કર્મચારીઓ આ ઉપસ્થિત રહ્યા હતા.

### શું છે સાત પહેલો

રાજ્યમાં કૃષિ ઉત્પાદકતા વધારવા અને પાક સંરક્ષણને વધુ સુદ્રઢ કરવાના ઉદ્દેશથી GSFC દ્વારા "સરદાર" બ્રાન્ડ હેઠળ ૭ નવી જંતુનાશક અને નિંદણનાશક દવાઓ લોન્ચ કરવામાં આવી છે. જેમાં સરદાર સાથી, સરદાર રફતાર, સરદાર તુફાની ફિપ્રો, સરદાર જાનદાર, સરદાર આધાર, સરદાર જી-ગોલ્ડ અને સરદાર સેનાપતિનો સમાવેશ થાય છે. આ તમામ ઉત્પાદનો કિસાન સુવિધા કેન્દ્રો અને GSFCના અધિકૃત વિતરણ નેટવર્ક દ્વારા ખેડૂતો સુધી પહોંચાડવામાં આવશે.

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ડૉ. બાબાસાહેબ આંબેડ્કર રાષ્ટ્રીય ફાઉન્ડેશનનું લોકાર્પણ

## ૧૧.૦૧ કરોડના ખર્ચે નિર્મિત મ્યુઝિયમ તથા ઈ-લાયબ્રેરીમાં મ્યુરલ્સ, વર્ચ્યુઅલ સુવિધા અને લાઇટ એન્ડ સાઉન્ડ શો થકી ડો. બાબાસાહેબના પંચતીર્થના દર્શન અને જીવન-સંઘર્ષ જીવંત કરાયો

**ડો. બાબાસાહેબના વિચારો અને મૂલ્યોને રાજ્યભરમાં વિવિધ પ્રકલ્પો થકી સાચા અર્થમાં ચરિતાર્થ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ :- નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી**




**આ મ્યુઝિયમનું લોકાર્પણ માત્ર ઇમારતનું ઉદ્ઘાટન નથી, પણ સમતા અને સામાજિક ન્યાયના બંધારણીય મૂલ્યોને મજબૂત કરવાનો અવસર :-સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજા**

કમલમ્,

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે અમદાવાદમાં રાણીપ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશનનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ રાણીપ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન ખાતે પધારીને બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. લોકાર્પણ સમારંભમાં ઉદ્બોધન કરતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારો અને વારસાને સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે. માત્ર એક જ અઠવાડિયામાં ૧૫૦ કિલોમીટરના અંતરમાં વડોદરા સ્થિત સંકલ્પ ભૂમિ અને રાણીપ (અમદાવાદ) ખાતે આધુનિક મ્યુઝિયમ જેવા શ્રેષ્ઠ પ્રકલ્પોનું લોકાર્પણ કરીને સરકારે સામાજિક સમરસતા અને સમાનતા પ્રત્યેની કટિબદ્ધતા દર્શાવી છે. આવનારી પેઢી દર પેઢી યુવાનો ડૉ. બાબાસાહેબના જીવનમાંથી પ્રેરણા મેળવી શકે તે ઉદ્દેશથી રાજ્યભરમાં વિવિધ પ્રકલ્પો હાથ ધરવામાં આવ્યા છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટેની આવક મર્યાદા રૂ. અઢી લાખથી વધારીને રૂ. છ લાખ કરવી તેમજ સંત શિરોમણી રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતી નિમિત્તે સમાજ ઉત્થાન, ભવનો, શૈક્ષણિક સંકુલો અને સંસ્કૃતિ સંવર્ધન માટે રૂ. ૨૩૧ કરોડની માતબર રકમ મંજૂર કરવી એ સરકારની સામાજિક સમરસતા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે. તેમણે ઉપસ્થિત સૌને એકજૂથ થઈ ડૉ. બાબાસાહેબના સિદ્ધાંતો સાથે સમાજના છેવાડાના યુવાનોને મુખ્ય ધારામાં લાવવા અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે, રાણીપ ખાતે રૂ. ૧૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન, મ્યુઝિયમ અને ઈ-લાયબ્રેરીનું લોકાર્પણ માત્ર એક ઈમારતનુ લોકાર્પણ નથી, પરંતુ સમતા, સ્વતંત્રતા, બંધુતા અને સામાજિક ન્યાયના બંધારણીય મૂલ્યોને વધુ મજબૂત કરવાનો પવિત્ર અવસર છે. ૨૩મી સપ્ટેમ્બરના ઐતિહાસિક સંકલ્પ દિવસે જ આ સુવિધા રાષ્ટ્રને સમર્પિત થઈ રહી છે, જે ઈતિહાસમાં અમર થઈ જશે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની રાહબરીમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર સામાજિક સમરસતા અને વંચિતોના ઉત્થાન માટે સતત સંવેદનશીલ રહીને કાર્ય કરી રહી છે.

પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં આવક મર્યાદા રૂ. ૨.૫ લાખથી વધારી રૂ. ૬ લાખ કરવી તેમજ સંસ્થાઓ, વસતિગૃહ અને સંસ્કૃતિ સંવર્ધન માટે રૂ. ૨૩૧ કરોડથી વધુનું ખાસ પેકેજ મંજૂર કરવું એ સરકારની સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે ઉપસ્થિત સૌને ડૉ. બાબાસાહેબના વિચારોને જીવનમાં ઉતારી દેશના વિકાસ અને સમરસતામાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. શહેરી વિકાસ રાજયમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતુ કે, રાણીપ ખાતે રૂ. ૧૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલું આ ભવ્ય ફાઉન્ડેશન, આધુનિક લાયબ્રેરી અને ઓડિટોરિયમ સંકુલ સમાજના યુવાનોના શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલા બંધારણને કારણે જ મહિલાઓને સમાન હક અને પ્રતિનિધિત્વ મળ્યું છે. રાજ્ય સરકારે શિષ્યવૃત્તિની આવકમર્યાદામાં વધારો કરવા સાથે દલિત ઉત્થાન, આવાસ યોજનાઓ, સંસ્કૃતિ સંવર્ધન અને સામાજિક સમરસતાની વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી બાબાસાહેબના વિચારોને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યા છે.

તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને બંધારણ પ્રમાણે દેશ ચલાવવાનું વચન આપનારા પ્રથમ વડાપ્રધાન ગણાવ્યા હતા.? મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈએ જ આ સંગ્રાહાલયનું ભૂમિપૂજન કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ બંધારણને સાર્થક કરી બતાવ્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું. શ્રીમતી દર્શનાબહેને વધુમાં જણાવ્યું હતુ કે અમારી સરકારે જ સાચી સમરસતા સ્થાપવાનું કાર્ય કર્યું છે. સમરસતા સ્થાપવા રાજ્યસરકાર દ્વારા વિવિધ યોજનાઓ ચલાવવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પાસે ગમે ત્યારે દલિત સમાજની રજૂઆત લઈને જઈએ ત્યારે હંમેશાં ગ્રાહ્ય રાખવામાં આવે છે, એનો રાજીપો તેમણે વ્યક્ત કર્યો હતો. અમદાવાદના મેયર શ્રી હિતેશભાઈ બારોટે પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલા બંધારણ અને અનામતની જોગવાઈઓના કારણે જ તમામ સમાજના લોકોને પ્રગતિ, સમાનતા અને નેતૃત્વ કરવાની તક મળી છે. તેમણે બાબાસાહેબના 'શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો'ના સૂત્રને ચરિતાર્થ કરવા પર ભાર મૂક્યો હતો. સાબરમતીના ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલે આ મ્યુઝિયમ અને ઈ-લાયબ્રેરીને ડૉ. બાબાસાહેબના જીવન-સંઘર્ષ અને વિચારોનું જીવંત કેન્દ્ર ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે ડિજિટલ અને થ્રીડી ટેક્નોલોજીથી સજ્જ આ સંકુલ નવી પેઢીને ડૉ. બાબાસાહેબના શિક્ષણ, બંધારણ ઘડતર અને સામાજિક ક્રાંતિના સંદેશને સરળતાથી સમજવામાં મદદરૂપ બનશે. આ મ્યુઝિયમથી રાણીપ વિસ્તારને વિશેષ ઓળખ મળી રહ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો. પૂર્વ સાંસદ શ્રી કિરીટ સોલંકીએ ૧૯૧૭માં ૨૩મી સપ્ટેમ્બરે ડૉ. બાબાસાહેબ આંબેડકરે વડોદરામાં લીધેલા સંકલ્પના ઐતિહાસિક દિવસ નિમિત્તે જ રાણીપ ખાતે ફાઉન્ડેશનનું લોકાર્પણ કરવા બદલ રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ડૉ. બાબાસાહેબ અને બંધારણને અપાયેલા સર્વોચ્ચ સન્માનને બિરદાવ્યું હતું. વડોદરા ખાતે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ થયેલા સંકલ્પભૂમિ મેમોરિયલને દેશનું સવશ્રેષ્ઠ મેમોરિયલ ગણાવ્યું હતું.

કાર્યક્રમમાં ડૉ. આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન અંગે ઓડિયો વિઝ્યુઅલ પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત, સફાઈ કામદાર નિગમની પ્રોત્સાહક સહાય યોજના અંતર્ગત રાજ્યમાં પ્રથમ આવેલ સફાઈ કામદારોનાં બાળકોને પ્રોત્સાહક સહાયનું વિતરણ આ પ્રસંગે કરવામાં આવ્યુ હતું તથા નરસિંહ ભગત છાત્રાલય, અમદાવાદમાં રહીને આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નિમણૂંક પામનાર દિવ્યાંગ વિદ્યાર્થી શ્રી વિજય કાનજીભાઈ પરમારનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશનના લોકાર્પણ પ્રસંગે પદ્મ શ્રી હેમંત ચૌહાણ, અમદાવાદ પશ્ચિમના સાંસદ શ્રી દિનેશ મકવાણા, પૂર્વ મંત્રીશ્રીઓ, અમદાવાદના ધારાસભ્યશ્રીઓ, પૂર્વ સાંસદશ્રી અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સચિવ શ્રી હર્ષદ પટેલ, અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નિયામક શ્રી રચિત રાજ, ડેપ્યુટી મેયર શ્રી અંજુબહેન શાહ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિકારીઓ -કર્મચારીઓ, અમદાવાદ મહાનગરપાલિકાના કાઉન્સિલરશ્રીઓ, અમદાવાદ મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા વિશાળ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા રૂ.૧૧.૦૧ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા આ મ્યુઝિયમમાં બાબાસાહેબના જીવન-સંઘર્ષ, ભીતચિત્રો (મ્યુરલ્સ), ભાષણોનો વર્ચ્યુઅલ અનુભવ, પ્રદર્શનીઓ, લાઈટ એન્ડ સાઉન્ડ તેમજ ડિજિટલ/3D/હાઈ પર-રિયાલિટી પ્રદર્શનનું નિદર્શન મુલાકાતીઓ માટે મુખ્ય આકર્ષણ બનશે. આ મ્યુઝિયમ થકી ડૉ. બાબાસાહેબ સાથે સંકળાયેલા પંચતીર્થના પ્રસંગો અને સામાજિક ન્યાયનો સંદેશ નવી પેઢી સુધી પહોંચશે. આધુનિક મ્યુઝિયમની સાથે ઈ-લાયબ્રેરીનું વિધિવત્ લોકાર્પણ કરાયું હતું.

## તંત્રી સ્થાનેથી......

પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડ (PSF) બફરસ્ટોકમાંથી ડુંગળી લઈ જતી કાંદા એક્સપ્રેસ ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ કોલકાતા પહોંચવાના સમયપત્રક સાથે, ભારત સરકાર પશ્ચિમ બંગાળમાં ડુંગળીના પુરવઠાને મજબૂત બનાવી રહી છે. આ આગમનથી ડુંગળીના મોટા જથ્થાની ઝડપી હિલચાલ સુવિધાજનક બનવાની અને ખાસ કરીને તહેવારોની સીઝન પહેલાં કોલકાતા અને આસપાસના જિલ્લાઓમાં ઉપલબ્ધતા વધુ મજબૂત થવાની ધારણા છે. મુખ્યત્વે રોડ ટ્રાન્સપોર્ટ દ્વારા NAFED અને NCCFની મોબાઈલ વાન દ્વારા પશ્ચિમ બંગાળમાં ૩૫ પ્રતિ કિલોના ભાવે લગભગ 1,400 MT ડુંગળીનું વિતરણ થઈ ચૂક્યું છે. કાંદા એક્સપ્રેસના આગમન સાથે, હવે વધારાનો જથ્થો વધુ કાર્યક્ષમ રીતે ખસેડવામાં આવશે, જેનાથી બજારની ઉપલબ્ધતામાં સુધારો કરવામાં અને મોસમી ભાવના દબાણને નરમ પાડવામાં મદદ મળશે. આગામી કન્સાઈનમેન્ટમાંથી ડુંગળીના વિતરણનું આયોજન કોલકાતા અને આસપાસના જિલ્લાઓમાં કરવામાં આવી રહ્યું છે, જેમાં પ્રવર્તમાન છૂટક ભાવો પર આ હસ્તક્ષેપની મહત્તમ અસર પડે તે સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કોલકાતામાં, હાલમાં કોલે માર્કેટ, મછુઆ મંડી, માણેકતલા માર્કેટ, રામપુરિયા માર્કેટ અને શ્યામ બજાર માર્કેટ જેવા મુખ્ય બજારો સહિત ૨૫ થી વધુ સ્થળોએ છૂટક વેચાણ કરવામાં આવી રહ્યું છે. સરકાર 'સુફલ બાંગ્લા' દ્વારા બફર સ્ટોકના ડુંગળીના છૂટક વેચાણની શક્યતા પણ ચકાસી રહી છે, જે ગ્રાહકોને પહોંચ માટેના વધારાના પોઈન્ટ પૂરા પાડશે અને આ પહેલનો વ્યાપ વધારવામાં મદદ કરશે. કોલકાતા જતી કાંદા એક્સપ્રેસ એ કેલિબ્રેટેડ હાઈબ્રિડ રેલ-એન્ડ-રોડ ટ્રાન્સપોર્ટેશન નેટવર્ક દ્વારા PSF બફર સ્ટોકમાંથી ડુંગળી છોડવાની સરકારની ચાલુ વ્યૂહરચનાનો એક ભાગ છે. NAFED અને NCCF દ્વારા બફર સ્ટોકનો લક્ષિત નિકાલ ૨૪ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ શરૂ થયો હતો, જેમાં બજારની જરૂરિયાતોના આધારે દેશના વિવિધ ભાગોમાં ઉત્તરોત્તર પુરવઠો મોકલવામાં આવી રહ્યો છે. અત્યાર સુધીમાં, બફર સ્ટોકમાંથી દેશભરના ૧૦૦ થી વધુ શહેરોમાં ડુંગળીનો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો છે. રેલ અને રોડ બંને પરિવહનના ઉપયોગથી સરકારને પ્રાદેશિક જરૂરિયાતોને સમયસર પ્રતિસાદ આપવાની સાથે સાથે મોટા જથ્થામાં ડુંગળી ખસેડવા માટે સક્ષમ બનાવી છે. વધેલી ઉપલબ્ધતાએ દેશના ઘણા ભાગોમાં ભાવના દબાણને ઓછું કરવાનું પણ શરૂ કર્યું છે. વિતેલા એક સપ્તાહ દરમિયાન, ૧૭ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડુંગળીના છૂટકભાવ સ્થિર રહ્યા અથવા ઘટ્યા છે, જે બફર સ્ટોકના હસ્તક્ષેપ બાદ બજારની ઉપલબ્ધતામાં સુધારાનો સંકેત આપે છે. છેલ્લા સપ્તાહ દરમિયાન જે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડુંગળીના ભાવ ઘટ્યા છે તેમાં દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, પંજાબ, તમિલનાડુ અને બિહારનો સમાવેશ થાય છે. સરકાર મુખ્ય વપરાશ ધરાવતા બજારોમાં ડુંગળીની ઉપલબ્ધતા અને ભાવો પર સતત નજર રાખી રહી છે અને ઉપલબ્ધતા સુધારવા તથા મોસમી ભાવના દબાણને નરમ પાડવા માટે જરૂરિયાત મુજબ બફર સ્ટોકમાંથી કેલિબ્રેટેડ જથ્થો છોડી રહી છે. આગામી તહેવારોની સીઝન સહિત સ્થાનિક જરૂરિયાતોના આધારે વિવિધ બજારોમાં વધુ પુરવઠો મોકલવામાં આવે તેવી શક્યતા છે.



કમલમ્,રાજપીપળા,

ગુજરાતના ત્રણ દિવસીય પ્રવાસે પધારેલા દેશના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ એકતાનગર હેલિપેડથી આત્મીય વિદાય આપી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, ગુજરાત સરકારના પ્રોટોકોલ મંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયા, નાંદોદના ધારાસભ્ય શ્રી ડૉ. દર્શનાબેન દેશમુખ, સરદાર સરોવર નર્મદા નિગમના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મુકેશ પુરી, જિલ્લા કલેક્ટર શ્રી ગંગા સિંઘ અને જિલ્લા પોલીસ અધિક્ષક સુશ્રી વિશાખા ડબરાલ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસા ખાતે 'સરસ મેળો-૨૦૨૬'નો પ્રારંભ કરાવતા રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

### સ્વસહાય જૂથોની બહેનો દ્વારા તૈયાર કરાયેલી વિવિધ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ માટેનું સ્થળ એટલે સરસ મેળો

### 'વોકલ ફોર લોકલ'ના સંદેશ સાથે સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીનો સંદેશ



કમલમ્,પાલનપુર

ગ્રામ વિકાસ વિભાગ અને ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની દ્વારા રાજ્યભરમાં આયોજિત 'સરસ મેળા'ના ભાગરૂપે બનાસકાંઠાના ડીસા શહેરમાં આજે 'સરસ મેળો-૨૦૨૬'નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર અને ક્લાયમેટ ચેન્જ રાજ્યમંત્રી શ્રી પ્રવિણભાઈ માળીના હસ્તે મેળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીઓ, વિવિધ વિભાગોના પ્રતિનિધિઓ, સ્વસહાય જૂથોની બહેનો, સ્થાનિક કારીગરો સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. 'વોકલ ફોર લોકલ'ના સંદેશ સાથે આયોજિત આ મેળાનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ અને સ્વસહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવતી વિવિધ ચીજવસ્તુઓને સીધું બજાર ઉપલબ્ધ કરાવવાનો અને મહિલાઓને આત્મનિર્ભરતા તરફ આગળ વધારવાનો છે. સખી મંડળો સાથે જોડાયેલી બહેનો દ્વારા મહેનતથી તૈયાર કરવામાં આવતી વિવિધ પ્રોડક્ટના પ્રદર્શન અને વેચાણ માટે 'સરસ મેળો' એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બન્યો છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ'ના મંત્રને સાકાર કરવા માટે સ્થાનિક ઉત્પાદક બહેનો તેમજ સખી મંડળો દ્વારા તૈયાર કરાયેલી ચીજવસ્તુઓને સીધું બજાર મળી રહે તે હેતુથી આ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. તેમણે સમગ્ર બનાસકાંઠાવાસીઓને ડીસાના હવાઈ પિલર મેદાન ખાતે પધારી સ્થાનિક બહેનો દ્વારા નિર્મિત વસ્તુઓની ખરીદી કરી તેમને પ્રોત્સાહિત કરવા ભાવપૂર્વક અપીલ કરી હતી. ડીસામાં યોજાયેલા આ મેળામાં અંદાજે ૧૫૦ જેટલી બહેનો પોતાના ઉત્પાદનો સાથે જોડાઈ છે. વિવિધ સ્વસહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવેલી હસ્તકલા, ઘરઉદ્યોગની ચીજવસ્તુઓ સહિતની સ્થાનિક પ્રોડક્ટનું અહીં પ્રદર્શન અને વેચાણ કરવામાં આવી રહ્યું છે. આ પ્રકારના મેળા થકી મહિલાઓને પોતાના હુન્નરનું યોગ્ય બજાર મળી રહે છે અને ગ્રાહકોને પણ સ્થાનિક સ્તરે તૈયાર થયેલી વસ્તુઓની ખરીદી કરવાની તક મળે છે. આવનારા દિવસોમાં નવરાત્રી અને દિવાળી જેવા તહેવારો આવી રહ્યા છે ત્યારે પરંપરાગત અને સ્થાનિક વસ્તુઓની ખરીદી માટે પણ મેળામાં વિવિધ સ્ટોલ અને વ્યવસ્થા કરવામાં આવી છે. તહેવારોની ખરીદી સાથે સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન મળે અને સ્વસહાય જૂથોની બહેનોની મહેનતને યોગ્ય બજાર મળે તે હેતુથી નાગરિકોને પણ મેળાની મુલાકાત લેવા અપીલ કરવામાં આવી છે.

# અરવલ્લીની ગિરિમાળાઓ 'જય અંબે'ના જયઘોષથી ગુંજી ઉઠી

### પદયાત્રી અને સંઘોનો અવિરત પ્રવાહ અંબાજી તરફ આગળ વધી રહ્યો છે




### ત્રણ દિવસમાં ૧૫.૮૫ લાખથી વધુ માઈભક્તોએ માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી

કમલમ્,પાલનપુર

યાત્રાધામ અંબાજી ખાતે તા. ૨૦સપ્ટેમ્બરથી આસ્થાના મહાકુંભસમા ભાદરવી પૂનમ મહામેળાનો શુભારંભ થયો છે. આજે મહામેળાનો ચોથો દિવસ છે. મેળાના પ્રથમ ત્રણ દિવસમાં ૧૫.૮૫ લાખથી વધુ માઈભક્તોએ માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી છે. મહામેળાના ચોથા દિવસે પણ અંબાજી તરફના માર્ગો પર પદયાત્રીઓ અને વિવિધ સંઘોનો ધમધમાટ અવિરત જોવા મળી રહ્યો છે. 'જય અંબે... બોલ માડી અંબે... અંબાજી દૂર હૈ, જાના જરૂરી હૈ...' જેવા જયઘોષ અને જયનાદ સાથે માઈભક્તો અંબાજી તરફ આગળ વધી રહ્યા છે. મેળાના ચોથા દિવસે માં અંબાના દર્શન માટે માઈભક્તોનો અવિરત પ્રવાહ યાત્રાધામ અંબાજી ખાતે ઉમટી રહ્યો છે. દાંતા-હડાદના માર્ગો પર મોટી સંખ્યામાં પદયાત્રીઓ અને સંઘોમાં આવતા માઈભક્તોનો ઘસારો જોવા મળી રહ્યો છે. અબાલવૃદ્ધ સૌ કોઈ માં અંબાના દર્શનની ઝંખના સાથે અંબાજી તરફ આગળ વધી રહ્યા છે. શક્તિ, ભક્તિ અને શ્રદ્ધા સાથે અવિરત આવી રહેલા માઈભક્તોના સંઘોથી અંબાજી તરફના માર્ગો ધમધમી ઉઠ્યા છે. 'જય અંબે'ના જયનાદથી અરવલ્લીની ગિરિમાળાઓ ગુંજી રહી છે. પ્રકૃતિના રમણીય સાનિધ્યમાં આનંદ, ઉલ્લાસ અને ભક્તિભાવ સાથે માઈભક્તો નાચતા-ગાતા અંબાજી તરફ આગળ વધી રહ્યા છે. અનેક સ્થળોએ ભક્તો ગરબે ઘૂમીને માં અંબા પ્રત્યેની પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી રહ્યા છે. ગુજરાતના ખૂણે-ખૂણેથી તેમજ દૂર-સુદૂરથી આવતા માઈભક્તો હાથમાં ધજા, ત્રિશૂળ, ચુંદડી સહિતની ધાર્મિક સામગ્રી અને વિવિધ વેશભૂષા સાથે મોજ-મજા અને શ્રદ્ધાભાવપૂર્વક અંબાજી તરફ પ્રયાણ કરી રહ્યા છે. દાંતા-અંબાજી સહિતના માર્ગો પર આવા પદયાત્રી સંઘોનો અવિરત પ્રવાહ જોવા મળી રહ્યો છે. અરવલ્લીની ગિરિમાળાઓ અને પ્રકૃતિના રમણીય સાનિધ્યમાં ભરાતા અંબાજીના ભાદરવી પૂનમ મહામેળામાં દરેક શ્રદ્ધાળુ પોતાની આગવી શ્રદ્ધા અને આસ્થા સાથે જોડાય છે. માં અંબા સૌના મનોરથ પૂર્ણ કરે છે તેવી અખૂટ આસ્થા સાથે લાખો ભાવિક માઈભક્તો ભાદરવી પૂનમના આ મહામેળામાં આવી રહ્યા છે અને માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

# રોટરી વ્યારા દ્વારા ગણેશ મહોત્સવ નિમિત્તે ચક્ષુ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન



કમલમ્,

રોટરી પરિવાર વ્યારા દ્વારા નગરના વોર્ડ નં. ૧ - સિંગી ફળિયામાં શ્રી અષ્ટમૂર્તિ ગણેશ મંડળ, પ્રાથમિક શાળાની સામે અને નાળુ ફળિયામાં શ્રી N. F. કા રાજા ગણેશ મંડળ, કાકરાપાળ રોડ, કણઝા ફાટક પાસે - બે ગણેશ મંડળના આયોજકો દ્વારા ભક્તિ સાથે સેવાનો એક અનોખો સંગમ જોવા મળ્યો. રોટરી ક્લબ વ્યારા અને રોટરી વ્યારા ચેરિટેબલ ટ્રસ્ટના નેજાહેઠળ તા. ૨૨-૯-૨૦૨૬ ના મંગળવારે રોટરી આઈ ઈન્સ્ટિટ્યૂટ, નવસારીના સહયોગથી એક અનોખા સેવા યજ્ઞ - વિના મૂલ્યે નેત્રયજ્ઞનું બીડું બન્ને ગણેશ મંડળના આયોજકોએ ઉઠાવ્યું અને સુપેરે પાર પાડ્યું હતું. આંખની તપાસ માટે રોટરી આઈ, નવસારીના (#) નાળુ ફળિયા મુકામે સિનિયર ઓપ્ટોમેટ્રિસ્ટ વિશાલ સવનિયા, સ્મિત ઉચાબેડીયા અને (#) સિંગી ફળિયામાં સિનિયર ઓપ્ટોમેટ્રિસ્ટ હર્ષ મિસ્ત્રી અને અની આહિર સાથે સહિત ટેક્નિશ્યનોની ટીમ હાજર રહી હતી. બન્ને કેમ્પમાં સવારે ૯.૦૦ થી બપોરે ૧.૦૦ કલાક સુધી લાભાર્થીઓની વિવિધ પ્રકારે ઝીણવટભરી આંખોની તપાસ કરી નજીકની અને દૂરની દ્રષ્ટીની સમસ્યાઓનું નિદાન કરી, ચશ્મા અને આંખમાં નાંખવાના ટીપાં આપવામાં આવ્યા. કેમ્પમાં નાળુ ફળિયાના - ગણેશ મંડપમાં ૭૭ લાભાર્થી નોંધાયા - તે પૈકી ૭ લાભાર્થીઓને વધુ તપાસ માટે રોટરી આઈ, નવસારી ખાતે રિફર કરવામાં આવ્યા, ૧૨ લાભાર્થીઓને મોતિયાના ઓપરેશનનું નિદાન કરવામાં આવ્યું અને ૨૧ લાભાર્થીઓને મફત ચશ્મા આપવામાં આવ્યા. બીજા કેમ્પમાં સિંગી ફળિયા ગણેશ મંડપમાં ૧૬૨ લાભાર્થી નોંધાયા - ૩૧ લાભાર્થીઓને મોતિયાના ઓપરેશનનું નિદાન કરવામાં આવ્યું, અને ૮૨ લાભાર્થીઓને મફત ચશ્મા આપવામાં આવ્યા. એકંદરે બન્ને કેમ્પ મળી કુલ્લે ૨૩૯ લાભાર્થીઓએ ચક્ષુ નિદાનનો લાભ લીધો અને ૪૩ લાભાર્થીઓને વિના મૂલ્યે મોતિયાના ઓપરેશનનો લાભ મળશે અને ૯૩ લાભાર્થીઓને મફત ચશ્મા આપવામાં આવ્યા. ઓપરેશનના લાભાર્થીઓને તા. ૨૮-૯-૨૬ ને સોમવારે અને તા. ૩૦-૯-૨૬ ને બુધવારે રોટરી આઈ ઈન્સ્ટિટ્યૂટ, નવસારી ખાતે બે ભાગમાં લઈ જવામાં આવશે. દરેક લાભાર્થીને સાથે એક વ્યક્તિ લઈ જઈ શકશે. નવસારી રોટરી આઈ ઈન્સ્ટિટ્યૂટ મુકામે ઓપરેશન - રહેવા -ભોજનની વિના મૂલ્યે સેવા આપવામાં આવશે. કેમ્પમાં આવેલ રોટરી આઈ ઈન્સ્ટિટ્યૂટના ડોક્ટરો અને ઓપ્ટોમેટ્રિસ્ટ અને ટેક્નિશ્યનોની ટીમ માટે નાસ્તાની અને જમવાની વ્યવસ્થા બન્ને ગણેશ મંડળના આયોજકો દ્વારા કરવામાં આવી હતી. કેમ્પના આયોજન માટે રોટરી પ્રમુખ - કમલ ભાવસાર, પ્રોજેક્ટ ચેર - નિલેષ સોની, રોટરી વ્યારા ચેરીટેબલના પ્રમુખ - સમીર વાણી અને સભ્યો કલ્પેશ પારેખ, રાજૂ શેઠ, આશિષ મહેશ્વરી, નીતા પારેખ, રચના પટેલ, જનક શાહ, માજી પ્રમુખ ઋજુતા ગાંધી, રિપેશ ગામિત, મિતલ પટેલ, ગૌરાંગ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પને સફળ બનાવવા માટે બન્ને ગણેશ મંડળના સ્વયંસેવકો (૧) નાળુ ફળિયામાં શ્રી N. F. કા રાજા ગણેશ મંડળના એડ. પ્રિન્સ ચૌહાણ, અનિકેત ગામિત અને મંડળના સભ્યો, તેમજ (૨) સિંગી ફળિયામાં શ્રી અષ્ટમૂર્તિ ગણેશ મંડળના આકાશભાઈ, સંકેત ગામિત અને રાહુલભાઈ અને મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. આવનારી તા. ૨૪-૯-૨૬ ના રોજ માળીવાડ - ગુજરાત ગણેશ મંડળ ખાતે વિના મૂલ્યે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. રોટરી ક્લબ વ્યારાના પ્રમુખ - કમલ ભાવસારની અપીલ છે કે માળીવાડ વિસ્તારના પ્રજાજનો અને વ્યારાના નગરજનો તેમજ આજુબાજુના વિસ્તારના ગ્રામ્યજનો પણ આ કેમ્પનો વધુમાં વધુ લાભ લે.

# શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બામણીયાને રાષ્ટ્રીય કક્ષાનો "બેસ્ટ કો-ઓપરેટીવ ડિસ્ટીલરી ઈન હાઈ રીકવરી એરીયા સિઝન ૨૦૨૫-૨૬" (દ્વિતિય એવોર્ડ) એનાયત



કમલમ્,મયુર પટેલ

મહુવા તાલુકાના આદિવાસી વિસ્તારમાં આવેલી ખેડૂતોની જીવાદોરી સમાન શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બામણીયાના ડિસ્ટીલરી વિભાગે કરેલ તેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ તેને નેશનલ ફેડરેશન ઓફ કો-ઓપરેટીવ સુગર ફેકટરીઝ લિ., ન્યુ દિલ્હી તરફથી એફીસીયન્સી એવોર્ડ ૨૦૨૫-૨૬ માટે "બેસ્ટ કો-ઓપરેટીવ ડિસ્ટીલરી હાઈ રીકવરી એરિયા સિઝન ૨૦૨૫-૨૬" (દ્વિતિય એવોર્ડ) નવી દિલ્હી ખાતે ભારત સરકારના કેન્દ્રીય મંત્રીશ્રી નિતિન ગડકરી, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી, ભારત સરકારના કેન્દ્રીય અને રાજ્યકૃષિ મંત્રીશ્રી ક્રિષ્નાપાલ ગુર્જર, નેશનલ ફેડરેશન ઓફ કો-ઓપરેટીવ સુગર ફેકટરીઝ લિ., ન્યુ દિલ્હીના પ્રમુખશ્રી હર્ષવર્ધન પાટીલ અને નેશનલ ફેડરેશન ઓફ કો-ઓપરેટીવ સુગર ફેકટરીઝ લિ., ન્યુ દિલ્હીના મેનેજીંગ ડિરેકટરશ્રી પ્રકાશ પી. નાઈકનાવરેના હસ્તક તા. ૨૨/૦૯/૨૦૨૬ ના રોજ એનાયત કરવામાં આવેલ. જે એવોર્ડ લેવા માટે સંસ્થાના મેનેજીંગ ડીરેકટરશ્રી ભાનેશભાઈ બી. પટેલ, ડિસ્ટીલરી ઈન્ચાર્જશ્રી જયેશભાઈ એન. પટેલ, ચીફ કેમીસ્ટશ્રી ઈન્દ્રજીત બી. ચૌધરી તથા ચીફ એન્જીનીયરશ્રી શશીકાંત એસ. પટેલ હાજર રહયા હતા. સંસ્થાને આ એવોર્ડ મળવા બદલ સંસ્થાના તમામ અધિકારી, કર્મચારી-કામદારોની કામગીરીને બિરદાવી મેનેજીંગ ડીરેકટરશ્રી ભાનેશભાઈ બી. પટેલ તરફથી સૌને હાર્દિક સુભાશિષ સાથે ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવ્યા અને સંસ્થાની ઉત્તરોઉત્તર પ્રગતિમાં સૌનો સહકાર મળતો રહે તેવી શુભેચ્છા પાઠવી. તેમજ આ આનંદના સમાચાર જાણી મહુવા સુગર ફેકટરીના સભાસદવૃંદ તેમજ મહુવા સુગર પરિવારમાં ખુશીની લાગણી ફેલાય ગઈ છે.

# ગાંધીનગરમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાઈ ભવ્ય 'મેગા બાઈક રેલી': ૫૦૦થી વધુ બાઈકર્સે આપ્યો માર્ગસુરક્ષાનો મજબૂત સંદેશ

### ગુજરાત રોડ સેફ્ટી કમિશનર શ્રી સતિષ પટેલે હેલિપેડ ગ્રાઉન્ડ ખાતેથી રેલીને ફ્લેગ ઓફ કરાવી કરાવ્યું પ્રસ્થાન



### ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિ તેજા વાસમશેટ્ટી તથા સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચના પોલીસ અધિક્ષક શ્રી સાહિત્ય વી.ની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્,

રાજ્ય સરકારના 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત નાગરિકોમાં માર્ગ સુરક્ષા અને ટ્રાફિક નિયમો પ્રત્યે વ્યાપક જાગૃતિ કેળવવાના ઉમદા હેતુથી આજે ગાંધીનગર ખાતે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે એક 'મેગા બાઈક રેલી'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મેગા બાઈક રેલીને સવારે ૯:૦૦ કલાકે સેક્ટર-૧૭ સ્થિત હેલિપેડ ગ્રાઉન્ડ ખાતેથી ગુજરાત રોડ સેફ્ટી કમિશનર શ્રી સતિષ પટેલ, ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિ તેજા વાસમશેટ્ટી તથા સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચના પોલીસ અધિક્ષક શ્રી સાહિત્ય વી. સહિતના મહાનુભાવો દ્વારા લીલી ઝંડી દર્શાવીને ઉત્સાહભેર પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. રેલીના પ્રસ્થાન પૂર્વે ઉપસ્થિત તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકોએ માર્ગ સલામતી અને ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અંગેના સામૂહિક સંકલ્પ લીધા હતા. આ રેલી હેલિપેડ ગ્રાઉન્ડથી પ્રારંભ થઈને શહેરના મુખ્ય માર્ગો જેવા કે ચ-૦ સર્કલ, રક્ષાશક્તિ સર્કલ, રિલાયન્સ ચોકડી અને ઈન્ફોસિટી સહિત ૧૫ થી ૨૦ કિલોમીટરના નિર્ધારિત વિસ્તારમાં પરિભ્રમણ કરી હતી. રેલી દરમિયાન સમગ્ર ગાંધીનગર શહેરમાં માર્ગ સલામતી અને જનજાગૃતિનો મજબૂત સંદેશ ગૂંજી ઊઠ્યો હતો. કાર્યક્રમ અંગે વિગતો આપતા ગુજરાત રોડ સેફ્ટી કમિશનર શ્રી સતિષ પટેલે જણાવ્યું હતું કે, આ વિશિષ્ટ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય વાહનચાલકોમાં હેલ્મેટ અને સીટબેલ્ટનો અનિવાર્ય ઉપયોગ, નિયત ગતિમર્યાદાનું પાલન, ડ્રાઈવિંગ વખતે મોબાઈલનો ઉપયોગ ન કરવો તથા રોંગસાઈડ ડ્રાઈવિંગ ટાળવા જેવા અતિ મહત્વપૂર્ણ ટ્રાફિક નિયમો પ્રત્યે વ્યાપક જનજાગૃતિ લાવવાનો છે. શિસ્ત અને સુરક્ષાનો ઉત્કૃષ્ટ સંદેશ આપતી આ રેલીમાં ૫૦૦થી વધુ રાઈડર્સે પૂર્ણ ઉત્સાહ અને શિસ્તબદ્ધ રીતે ભાગ લીધો હતો. ગાંધીનગર પોલીસ વિભાગ, ટ્રાફિક બ્રિગેડ, હોમગાર્ડ્સ, SRP જવાનો, વન વિભાગ, ફાયર બ્રિગેડ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને યુવાનોએ જોડાઈને નાગરિકો સમક્ષ સુરક્ષિત ડ્રાઈવિંગનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. રેલીના પ્રસ્થાન સમયે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના જોઈન્ટ કમિશનર શ્રી પી. બી. મંગુડા, માર્ગ અને મકાન વિભાગના ખાસ ફરજપરના અધિકારી શ્રી હેમંત સુથાર તથા ગાંધીનગર RTO શ્રી કનકસિંહ પરમાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર ખાતે માહિતી કમિશનરની કચેરી દ્વારા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સ્વચ્છતા ઝુંબેશ અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

### પર્યાવરણ જતન અને સ્વચ્છતા આપણી સૌની સામૂહિક જવાબદારી: માહિતી કમિશનર શ્રી કે. એલ. બચાણી



### 'એક પેડ માઁ કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરાયું; અધિકારીઓ-કર્મચારીઓએ શ્રમદાન કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો

કમલમ્,

રાજ્યભરમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત આજે માહિતી કમિશનરની કચેરી સેક્ટર-૧૬ ગાંધીનગર ખાતે માહિતી કમિશનર શ્રી કે. એલ. બચાણીના અધ્યક્ષતા અને માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા ઝુંબેશ તથા વૃક્ષારોપણ કાર્યક્રમનું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માહિતી કમિશનર શ્રી કે. એલ. બચાણીએ જણાવ્યું હતું કે, પર્યાવરણનું જતન કરવું અને આપણી આસપાસના પરિસરને સ્વચ્છ તેમજ સુઘડ રાખવું એ માત્ર સરકારી પ્રક્રિયા નથી, પરંતુ આપણા સૌની નૈતિક અને સામાજિક જવાબદારી છે. આ પ્રકારના અભિયાન દ્વારા રાજ્યભરમાં સ્વચ્છતા, હરિયાળી અને પર્યાવરણીય જાગૃતિ વધારવાના સંકલ્પને વધુ બળ મળે છે. પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતા દેશવ્યાપી 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત માહિતી કમિશનર શ્રી કે. એલ. બચાણી દ્વારા કચેરી પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ 'સ્વચ્છતા એ જ સેવા'ના મંત્રને ચરિતાર્થ કરતાં કચેરી પરિસરમાં સઘન સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં માહિતી કમિશનરની કચેરીના ઈન્ચાર્જ અધિક માહિતી નિયામક શ્રી સંજય કચોટ, પ્રેસ અકાદમી સચિવ શ્રી જયેશ દવે તેમજ માહિતી કમિશનરની કચેરીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર વૃક્ષારોપણ કરીને શ્રમદાનમાં સહભાગી થયા હતાં.

